# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૯૨૫૧

**સલામી સવારની..**

ઓળંગી સરહદ ટપલાં મારી જાય છે,
દરિયામાં આવી માછલાં ચારી જાય છે,
તારી જાય છે મછવા માછીમારો સહિત -
નોંધાવી વિરોધ 'એ' આંસુડાં સારી જાય છે!
(નબળી કેન્દ્ર સરકાર)

**હાઈકુ**

ધોઇ જાય છે
અહીં તો કોઇ પણ -
માથે માછલાં..

કરી જાય સૌ
બળાત્કારી હુમલા
છે મૂંગી-બ્હેરી
(અનિર્ણાયક કેન્દ્ર સરકાર)

## ચિંતન

**ઘરનિ ધામુ ધનુ પર પરિવારૂં સરગનરકજહ લગી વ્યવહારૂ ।**
**દેખિઅ સુનિઅ ગુનિઅ મન માંહી મોહ મૂલ પરમારથુ નાહીં ॥**

'રામચરિત માનસ' તુલસીકૃતના અયોધ્યાકાંડ ચોપાઇ ૯૧/૪નો આ દોહો છે :

'સંયોગ-વિયોગ, ભલુ-ભૂરૂં, સાચું-ખોટું, ભોગવિલાસ, શત્રુ-મિત્ર, અને ઉદાસીનતા પણું આ બધું જ માત્ર ભ્રમની જાળ છે. જન્મ-મરણ, આપત્તિ-વિપત્તિ, કર્મ અને કાળ એ બધી જ જગતની જંજાળ છે, અને એ જયાં સુધી જીવ સંસારમાં છે ત્યાં સુધી જ રહે છે.

ધરતી-જમીન-વાડી-ખેતર, ઘર, ધન, નગર, સમાજ, પરિવાર, સ્વર્ગ-નર્ક, પાપ-પુણ્ય એ બધું પણ જયાં સુધી સંસાર વહેવાર છે ત્યાં સુધી જોવા-સાંભળવા મળે અને એનો વિચાર કરવામાં આવે છે.

પરંતુ ઉંડાણપૂર્વક ચિંતન-મનન કરી વિચારણાં સમજાય છે કે આ બધું જ માત્રને માત્ર, કેવળ મોહનું અજ્ઞાન માત્ર જ છે. પરમાર્થમાં આમાંનું કશું જ નથી.'

પરમ-અર્થ એટલે જીવન-જીંદગી જીવવાનો સાચો અર્થ અને એ છે 'મુક્તિ'. 'મુક્તિ' એટલે ચોર્યાસીના ફેરા અને પુનર્જન્મમાં ન માનતા હો તો પણ, અત્યારે જે જીવન જીવો છો એમાંથી 'મુક્તિ.' સંસાર-વ્યવહારમાં છીએ એટલે ઘર-જમીન-પૈસા-સંબંધો-વ્યવહાર એ બધું તો રહેવાનું અને એ સાચવવું પણ ખરૂં.

પરંતુ તુલસીદાસ કહે છે, એમાં મગ્ન થયા વિના (ઇન્વોલ્વ) થયા વિના, તટસ્થ, ભીંજાયા વિના-કોરા રહીને, 'મારૂં છે' મારાં પુત્રો-પુત્રી-સંબંધો એમ નહીં.

'તેન ત્યકતેન ભુંજીયા' એ જ મુક્તિ. એ જ પરમાર્થ.

## સુવિચાર

- એક સુંદર મુખમાંથી થતો વિરોધ કે વિવાદ પણ પ્રસંગોપાત સુંદર પ્રતીત લાગે છે- **એડિસન**
- વિવાદ તો ગમે તે વિષય પર ગમે ત્યારે થઇ શકે છે પરંતુ વાર્તાલાપ કરવો સરળ નથી **- એલકોટ**
- ઉપાલંભ, ઠપકો કે સલાહની તીક્ષણતા એ કંઇ વિવાદ નથી **- સ્યૂકસ કોન્ટ**
- વિરોધીઓ સાથે વિવાદ કરવા હું કયારેક લાચાર છું પરંતુ તેમને સમજાવવા અશક્ય છે **- ડિઝરાયલી**
- તીવ્ર અને કટુ સત્ય એક નિર્બળ વિવાદનું કારણ અને મૂળ પણ બને છે **- વિક્ટર હ્યુગો**
- ભોજનની ટેબલ પર કોઇને સલાહ, ઠપકો કે કયારેય વિવાદ કરવો નહીં- **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે કોઇ વ્યક્તિ વિવાદ કર્યા વિના મારી પાસે શાંતિ થી સહમત થઇ જાય ત્યારે હું મનમાં સ્વીકાર કરી લઉં છું કે મારી કયાંક ભૂલ થાય છે **- ઓસ્કાર વાઇલ્ડ**

## બોધ કથા

આપણા જીવનમાં વ્યસનો, વાસનાઓ, કુટેવો, ખરાબ સ્વભાવના અનેક છિદ્રો છે પરિણામે સત્સંગ-બોધ-સ્વાધ્યાય ટકતાં નથી. એ છિદ્રો દ્વારા 'જીવન એક' નીકળી જાય છે અને ખાલીપો રહી જાય છે.

એક સંત નજીકના ગામે ખરીદી માટે જતા હતા, રસ્તામાં એક વાડીનાં કોશ ચાલતો હતો. ત્યાં હાથ-પગ ધોયા અને પાણી પીણું. થડામાં પાણી ખૂબ જ ઓછું આવ્યું. સંતે નમીને જોયું તો કૂવો તો પાણીથી છલોછલ હતો, પણ કોશમાં અનેક છિદ્રો હતાં એટલે પાણી નીકળી જતું હતું. સંતે નોંધ લીધી પણ ખેડૂતના મનોભાવ વાંચતાં સંતનું આગમન એને રૂચ્યું ન હોય એવું લાગતાં. વાતચીત કર્યા વિના નીકળી ગયા.

બપોરે સંત ખરીદી કરી પાછા વળતા હતા. સંત ફરી ત્યાં આવ્યાં ખેડૂત બપોરનું વાળું કરી, બેઠો હતો. ચહેરા પર ચિંતા હતી.

સંતે પૂછ્યું, શું કંઇ ચિંતામાં છો પટેલ?

ખેડૂત બોલ્યો, જુઓ ને બાપુ સવારથી કોશ ચલાવું છું. પણ હજું ખૂબ જ કયારા બાકી રહી ગયા. પાણી પોંચતું નથી એની ચિંતા છે!

સંત કહે તમારા કોશમાં ખૂબ કાણાં છે પાણી થડા સુધી પહોંચતા પહેલાં જ વહી જાય છે પહેલાં એ કાણાં પર થીંગડા મારી - બંધ કરાવો!

ખેડૂતે કહ્યું તમને આ કેમ સૂઝયું, બાપુ?

સંત કહે, મારા પૂર્વજીવનમાં પણ આવાં બહુ છિદ્રો હતાં, મેં ધ્યાન-તપ-સાધનાના થીંગડા મારી, મારૂં જીવન જળ વહી જતું અટકાવ્યું. ખેડૂતને બે બાબતનું જ્ઞાન મળી ગયું..

# અસંતોષ, રોષ કે અન્ય કોઇ પણ કારણોસર સક્રિય થઇ ઊઠતો સિટીઝન એક્ટિવિસ્ટ કોણ છે? આ લોકશાહીનો દંભ માત્ર છે - એક ડેમોક્રેટીક હિપ્પોક્રસી છે, પ્રામાણિક અને આહત લાગણીનું પ્રતિક્રિયાત્મક પ્રદર્શન છે કે પછી કંઇક અલગ જેને સમજવાની પ્રક્રિયા આપણે શરૂ કરવી પડશે?!

**કોફી હાઉસ**
- ઉત્સવ પરમાર

## ભારતીય સમાજ અને રાજનીતિનો નવો આયામ : સિટીઝન એક્ટિવિસ્ટથી સાધુઓ સુધી

૨૦૧૨નાં અંતિમ મહિનામાં દિલ્લીની હવાઓ સળગી, દેશભરની સડકો પર ખામોશ પડેલા અવાજ એક સાથે ઉઠ્યા. એક સંવેદનશીલ વ્યવસ્થાનાં લક્ષણો સામે વિદ્રોહ જાગી ઉઠ્યો. ગામથી માંડી શહેરો સુધી, સ્કૂલોથી માંડી કોલેજો સુધી, વ્યક્તિથી માંડીને સમષ્ટિ સુધી - બગાવત, વિદ્રોહ, પરિવર્તન, ક્રાંતિ...!! વર્ષો સુધી દબાયેલી લાગણીઓનો ધસમસતો પ્રવાહ ઇલેક્ટ્રીક કરંટની જેમ ચારે તરફ દોડ્યો અને એક નવો શબ્દ અખબારો અને ચર્ચાઓનાં વર્તુળમાં ઊભો થયો. સિટીઝન એક્ટિવિસ્ટ.

કરપ્શનથી કંટાળેયો બેરોજગાર યુવાન, રસ્તાઓ પર ખૌફથી ફરતી છોકરી, વ્યવસ્થાની અવ્યવસ્થાનો ભોગ બનેલ ત્રાહિત, સરકારી-ગૈર સરકારી માયાવી દુનિયાઓનાં શ્વાસ રૂંધતા ધુમાડા... એક સામૂહિક આક્રોશ - કલેકટીવ એંગર નસેનશમાં વ્યાપી ગયો. અંસતોષની ચરમસીમાઓ વચ્ચે ઘૂમરાતી હવાઓને અન્ના હજારે નામનું કેન્દ્ર મળ્યું અને ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનનું તોફાન ઊભું થયું હતું. સામૂહિક હિતમાં જ વ્યક્તિગત હિતો સમાયેલાં છે, એવું સમજનારો જ નહિં અનુભવ કરનારો વર્ગ પણ ભારતીય મ દ ય મ વ ગ ા ી ' ય સમસ્યાઓમાંથી પેદા થયો. દામિની, નિર્ભયા કે અનામત - જે નામ આપો તે - લાગણીઓ, અવ્યવસ્થા તથા અત્યાચારનું તીવ્રતમ કેન્દ્ર બની ગઇ. કેમ કે દામિનીનો પ્રશ્ન ફક્ત દામિનીનો પ્રશ્ન ન હતો. એ પ્રશ્ન મારો, તમારો કે આપણા સૌનો હતો, અને કદાચ એટલે જ આપણે સૌ એ એક દુ:ખદ લાગણીનો અનુભવ કર્યો હતો, તો શું આ આંદોલનને ફક્ત લાગણીઓનો જુવાળ ગણવો કે પછી ભારતીય રાજનીતિનો નવો આયામ જે હવે વિકસી રહ્યો છે? આ આંદોલનો માત્ર એક પ્રતિક્રિયા (એકશન)? જાતિ, ધર્મ, ભાષાનાં આધારો પર ટોળાનો નચાવતા - બહેકાવતા ફૂગ લાગેલા કંકાલ જેવા નેતાઓ માટે શું. આ નવા આંદોલનકારીઓ નવી ભાષા બોલી રહ્યાં છે, જે તેમને શીખવાની બાકી છે. કે પછી સડકોનાં કિનારા પર ગોઠવાયેલાં કેમેરા, અજાણપણે જ એક નવી નેતૃત્ત્વ શક્તિ આપી રહ્યાં છે? શું આ ઘટનાઓનું એક ચક્ર છે જેમાં પરિણામોનું નહીં ફક્ત : વિશ્લેષણનું જ સ્થાન છે? અને બીજો મૂળભૂત સવાલ એ પણ ઊઠે છે કે અસંતોષ, રોષ કે અન્ય કોઇ પણ કારણોસર સક્રિય થઇ ઊઠતો સિટીઝન એક્ટિવિસ્ટ કોણ છે? આ લોકશાહીનો દંભ માત્ર છે - એક ડેમોક્રેટીક હિપ્પોક્રસી છે, પ્રામાણિક અને આહત લાગણીનું પ્રતિક્રિયાત્મક પ્રદર્શન છે કે પછી કંઇક અલગ જેને સમજવાની પ્રક્રિયા આપણે શરૂ કરવી પડશે?!




શક્ય છે ઇન્ડિયા ગેટ પર મીણબત્તીઓ સળગાવનારા કે પ્લેકાર્ડ લઇને સૂત્રોચ્ચાર કરનારાઓમાંથી કેટલાંક કદાચ ૧૬મી ડિસેમ્બરની રાત્રે તે યુવક અને યુવતી પાસેથી પસાર પણ થયા હોય પણ થઇ ગયા હોય... અને પછી કાં તો કોઇ ગિલ્ટ કોમ્પલેક્સ અપરાધભાવથી - યા કોઇ રોમાંચક અનુભવ માટે - અથવા કેમેરા સામે આવવા માટે થઇને... ત્યાં આવ્યા હોય - એકત્રિત થયેલા લોકોનાં સમૂહનાં આ હિસ્સાને શું કહેશો? બેવડા માપદંડને તમે નાગરિક ચારિત્ર્યની કઇ ઊંચાઇ પર મૂકશો? અમુક પ્રશ્નોની વીજળી જમીનથી આસમાન તરફ ત્રાટકે છે. આ એવા ઘરની વાત છે જયાં ફક્ત પાછળનાં દરવાજા ખુલ્લા હોય છે.

આ પેઢી - નિખાલસ છે - દંભથી દૂર છે ધડકતી છાતીની ઇમાનદારીથી પોતાની વાત કરે છે અને હવે દેશની રાજનીતિને એટલાં જ ઇમાનદાર સવાલો કરી રહી છે. સ્કર્ટ, ફિલ્મો, ગીતો, પશ્ચિમી સંસ્કૃતિ, ઇત્યાદિમાં ઘટનાનાં કારણો શોધનારા બેઇમાન, જડ, તકવાદી લોકો કદાચ શોધવાનું ભૂલી ગયા છે, ઓ પરમ પૂજ્ય ધર્મધુરંધરો - સૃષ્ટિના તમામ બંધનોમાંથી મુક્ત થઇ ચૂકેલા અને અન્ય તૂચ્છ જીવોનો મોક્ષ અપાવવાનાં પુણ્યશાળી કાર્યમાં જીવન ન્યોચ્છાવર કરનારા ધર્મપુરૂષો - તમને કેવી રીતે ખબર સ્કર્ટ ઉત્તેજના જન્માવે છે?? કદાચ તમને અનુભવ લાગે છે હે ને? તમને કેવી રીતે ખબર ફિલ્મો અશ્લીલ બનતી જાય છે? કદાચ દિવસભરનાં સત્સંગોથી થાકીને તમે પણ યજમાને આપેલી સુવિધાઓનો "સંપૂર્ણ" લાભ ઉઠાવતા હો એમ લાગે છે. વિચલન શબ્દ ખોટો છે. પણપ.પૂ.ધ.ધૂ. આપની ભાષામાં સમજાય એટલે કહું છું કે સ્ત્રી વિચલિત કરતી નથી, આપ શ્રીઓ વિલચિત થાઓ છો... આપ સૌને "તત્કાલ"માં મોક્ષની ટિકિટ મળે એવી આ નવી પેઢીની પ્રાર્થના છે.

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૧મી જાન્યુઆરી**

- બીજી જૂન ૧૯૬૪માં વડાપ્રધાન તરીકે શપથ લેનારા શ્રી લાલબહાદુર શાસ્ત્રીની પુણ્યતિથિ - ૧૧-૧-૧૯૬૬.



'જય જવાન, જય કિસાન'નું સૂત્ર આપ્યું. 'માદામ ક્યૂરી'નાં જીવન ચરિત્રનું હિન્દીમાં ભાષાંતર કર્યું.



- સાત પગલાં આકાશમાં, પ્રેમનાં આંસુ, વધુને વધુ સુંદર કાગળની હોડી, જવા દઇશું તમને, પરોઢ થતાં પહેલાં જેવી નવલકથાઓ આપનારા કુંદનિકા કાપડિયાની જન્મતિથિ.

ચિંતન, પ્રેમ, સંગીત, પ્રકૃતિ જેવા તત્ત્વોથી સભર સર્જન આપનારા, કુંદનિકાનું ઉપનામ છે. 'સ્નેહધન' ૧૯૮૫ - સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર મળ્યો.

- ૧૯૧૧ - સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ.
- ૧૯૨૬ - અરેબિયાનો સ્વાતંત્ર્યદિન.

# મહાગુજરાત ચળવળ પછી ગુજરાત રાજયની સ્થાપના કયારે થઇ હતી?

**વિષય : મહાગુજરાત આંદોલન**

(૧) મુંબઇ રાજયના ગુજરાતી ભાષી વિસ્તારો અને સૌરાષ્ટ્ર તથા કચ્છનું બનેલો વિસ્તાર એટલે કયું રાજય?
(અ) ગુજરાત (બ) મધ્યપ્રદેશ (ક) રાજસ્થાન (ડ) મહારાષ્ટ્ર
(૨) મુંબઈની ચારે બાજુ કેવી ભાષાના પ્રદેશો આવેલા છે?
(અ) તેલુગુ ભાષી પ્રદેશો (બ) મરાઠી ભાષી પ્રદેશો
(ક) બિહારી ભાષી પ્રદેશો (ડ) ગુજરાતી ભાષી પ્રદેશો
(૩) 'મહાગુજરાત પરિષદ' કોની પ્રેરણાની રચવામાં આવી?
(અ) ગણેશ માળવંકર (બ) ભાઈલાલભાઈ પટેલ
(ક) વિઠ્ઠલભાઈ પટેલ (ડ) સરદાર વલ્લભભાઈ પટેલ
(૪) 'મહાગુજરાત પરિષદ' સંસ્થાના પ્રમુખ કોણ હતા?
(અ) શ્રી હિંમતલાલ શુક્લ (બ) શ્રી કા.મા. મુનસી
(ક) ડૉ. હિંમતલાલ શુક્લ (ડ) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક
(૫) મહાગુજરાતના અલગ રાજયની માંગણીમાં નીચેનામાંથી કોણ જોડાયું?
(અ) ગુજરાત ગ્રંત નિર્માણ બોર્ડ (બ) ગુજરાતી સાહિત્ય પરિષદ
(ક) ગુજરાત યુનિવર્સિટી (ડ) ગુજરાત વિધાયક
(૬) રાજય પુન:રચના પંચના અધ્યક્ષ કોણ હતા?
(અ) શ્રી હૃદયનાથ કુંજર (બ) શ્રી કે. એન. પાનીક્કર
(ક) શ્રી કે.એન. પટેલ (ડ) શ્રી ફજલ અલી
(૭) મહારાષ્ટ્રના નેતાઓમાં કેવા રાષ્ટ્ર માટે જે સહકાર અને શુભેચ્છા જોઈએ તે ન હતાં?
(અ) એકભાષી રાષ્ટ્ર (બ) દ્વિભાષી રાષ્ટ્ર
(ક) ચારભાષી રાષ્ટ્ર (ડ) ત્રિભાષી રાષ્ટ્ર
(૮) મુંબઈમાં ૧૯૫૬માં ગુજરાતીઓ અને ગુજરાત વિરોધી હવામાન શો મારફતે ફેલાવાની શરૂઆત થઈ હતી?
(અ) રેડિયો સમાચાર દ્વારા (બ) ઈન્ટરનેટ મારફતે
(ક) જાહેરસભાઓ મારફતે (ડ) સમાચારપત્રો મારફતે
(૯) ઈ. સ. ૧૯૫૬માં કોંગ્રેસ કારોબારીના ઠરાવ પછીની તોફાનો ફાટી નીકળતાં અંતે કઈ સમિતિની મુંબઈમાં રચના થઈ?
(અ) ગુજરાત સમિતિ (બ) મહારાષ્ટ્ર સમિતિ
(ક) કર્ણાટક સમિતિ (ડ) રાજસ્થાન સમિતિ
(૧૦) શ્રી મોરારજીભાઈ દેસાઈ કેવા વલણના ન હતા?
(અ) દ્વિભાષી વલણ (બ) સામ્યવાદી વલણ
(ક) સાંપ્રદાયિક (ડ) ધાર્મિક વલણ
(૧૧) ૧૯૫૬ની સાલમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કયા સ્થળે ત્રણ રાજયોનો વિકાસ સ્વીકાર્યો હતો?
(અ) રાજકોટ (બ) વડોદરા (ક) મહેમદાવાદ (ડ) અમદાવાદ
(૧૨) 'જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પ્રભાત' એ કાવ્ય કોનું છે? કે જે ૧૯૫૬માં સમાચારની હેડ લાઇન હતું?
(અ) કવિશ્રી નર્મદ (બ) કવિશ્રી કલાપી
(ક) કવિશ્રી (ડ) કવિશ્રી દલપતરામ
(૧૩) મુંબઈમાં કયા સ્થળે તોફાનનાં મુખ્ય કેન્દ્ર હતા?
(અ) દાદર (બ) શિવાજી પાર્ક (ક) ઠાકુર દ્વારા (ડ) ઉપરોક્ત ત્રણેય
(૧૪) શ્રી જયપ્રકાશ નારાયણ કેવા નેતા હતા?
(અ) સમાજવાદી નેતા (બ) કોંગ્રેસી નેતા
(ક) જનતા પક્ષના નેતા (ડ) સ્ત્રી પક્ષના નેતા
(૧૫) મહાગુજરાત ચળવળ પછી ગુજરાત રાજયની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૧૯૪૭ (બ) ૧૯૫૦ (ક) ૧૯૫૦ (ડ) ૧૯૬૦




**● વિવિધા ●**

વિષય :- વિશ્વના મહાસાગરો
નામ અને ક્ષેત્રફળ (હજાર ચો.કિ.મી.)

- પેસિફિક મહાસાગર : **૧,૬૫,૩૮૪**
- એટલેન્ટીક મહાસાગર : **૮૨,૨૧૭**
- હિન્દ મહાસાગર : **૭૨,૪૮૧**
- આર્કટિક મહાસાગર : **૧૪,૦૫૬**
- ભૂમધ્ય સમુદ્ર : **૨,૫૦૫**
- પૂર્વ ચીન મહાસાગર : **૧,૨૪૮**
- પીળો સમુદ્ર : **૧,૨૪૩**
- જાપાન સાગર : **૧, ૦૦૮**
- દક્ષિણ ચીન સાગર : **૨૩૧૮**
- બેરિંગ સાગર : **૨૨૬૮**
- કેરેબીયન સાગર : **૧૯૪૩**
- મેક્સિકોનો અખાત : **૧૫૪૪**
- ઑખોટક સાગર : **૧૫૨૮**
- ઉત્તર સમુદ્ર : **૫૭૫**
- કાળો સમુદ્ર : **૪૬૧**
- રાતો સમુદ્ર : **૪૩૮**
- બોલ્ટિક સમુદ્ર : **૪૨૨**

**● ગયા સપ્તાહનો સવાલ...?**

સવાલ - કેન્દ્ર સરકારમાં શ્રી શશી થરૂર કયાં વિભાગનાં મંત્રી છે?
જવાબ - માનવ સંશાધન વિભાગનાં મંત્રી

**● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) શ્રી નટુભાઈ દરજી : પેથાપુર
(૩) ગોમતીબેન કનુભાઈ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૪) રેખાબેન એન. જાદવ : સે-૩૦
(૫) રૂચિત એ. પટેલ : ૨૯
(૬) આકાશ જી. પટેલ : સે-૨૩
(૭) હાર્દિક આર. ભટ્ટ : સે-૨૪

**● પૂછું એક સવાલ...?**

(૧) દર્શના પી. જોષી : સે-૨૪થી
પ્રશ્ન - ભારતની સૌથી મોટી મસ્જિદ કઈ અને કયાં આવેલી છે?
જવાબ - તાજુલ-એ-મસ્જિદ (ભોપાલ) મધ્યપ્રદેસ
(૨) પટેલ આલાપી જે. : સે-૨૫
પ્રશ્ન - વિશ્વની સૌથી મોટી નહેર કઈ છે?
જવાબ - બાલ્ટિક નહેર જેની લંબાઈ ૨૩૦૦ કિ.મી. છે જે રશિયાની વોલ્ગા નદી ઉપર છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વિદ્વતા અને જ્ઞાન આવતાં માણસની નમ્રતા વધવી જોઇએ તેના બદલે એક પછી એક મળતી સિધ્ધિ અને પ્રસિધ્ધિ વ્યક્તિને અહંકારી અને બેફામ બનાવે તો તે જ્ઞાન શા ખપનું?

**સખીને પત્ર**
- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

રવિવારની સવાર એટલે આરામથી ઉઠવાની, ચાની ચૂસ્કીઓમાં ઠંડીને ફુંકી મારવાની, મસાલેદાર સમાચારોને મમળાવી મમળાવીને મનની બત્રીસીએ ચગળવાની, રેડિયો પર વાગતાં જૂનાં - નવાં સંગીતમાં ઝૂમવાની મજા. આ મજા મેળવ્યા પછી કયા કામથી દિવસની શરૂઆત કરવી. એવું વિચારતી હતી ત્યાં જ બે ટેણિયા ભાગ્યે જ પાંચ-સાત વર્ષનાં હશે આવી પહોંચ્યા. 'માસી, કંઇ ખાવાનું હોય તો આપો!' કહીને ઝાંપો પકડીને ઉભા રહી ગયાં. કપડાં ફાટેલાં હતાં, નાહ્યા-ધોયા વગરનું મેલ ચડેલું શરીર, નાકમાંથી લીટ નીકળતું હતું. એવા એ ગોબરાં છોકરાવને જોઇને થોડી દયા અને અરેરાટી, થઇ આવ્યાં. બંનેને બેસાડીને ગરમ ચ્હા ને બિસ્કીટ ખવડાવ્યાં. ઓઢવા માટે જૂની ચાદર આપી અને રવાના કર્યાં. મનમાં થોડું અભિમાન થઇ આવ્યું કે, 'કેવું ભલાઇનું કામ કર્યું!' ગૌરવ પૂર્વક ગરદન ઊંચી થઇ, અડોશપડોશમાં જરા નજર પણ નાંખી લીધી કે, કોઇએ મારા સારા કાર્યની નોંધ લીધી કે નહિ!

છતાંય જીવનમાં ડગલેને પગલે આપણું મિથ્યાભિમાન આપણાથી જરાય અળગું નથી થતું. આપણાં જ્ઞાનિ કવિ નહસિંહ મહેતા કહી ગયા છે,

'હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા;
શકરનો ભાર જેમ શ્વાન તાણે.'

ગાડા નીચે ચાલતું કૂતરૂં પોરસાયા કરે કે ગાડું હું જ ચલાવું છું. આવી ઘણી બાબતોનાં કર્તા હોવાનો ભાર આપણે માથે લઇને ચાલતાં હોઇએ છીએ. અરે! કયારેક તો જે કાર્યમાટે આપણે લાયક પણ ન હોઇએ તેનો જશ જાતે જ વરમાળાની જેમ ધારણ કરી લેતા હોઇએ છીએ.

જે કશું જ નથી જાણતો તે તો ચૂપ રહે છે. જે બધું જ જાણે છે તે પણ ચૂપ રહે છે. ગુલબાંગો તો એ જ પોકારો છે. જે અધૂરો છે. અને છતાંય પોતાને સર્વગુણ સંપન્ન અને મહાવિદ્વાનમાં ખપાવે છે. ગાંધીનગરના એક કથાકારને મેં કહેતા સાંભળ્યા હતા કે, 'મારો ને મોરારિબાપુનો મુકાબલો ન થઇ શકે, કારણ કે મેં તો રામાયણને પચાવી છે અને મોરારિબાપુ કરતાં મારો અભ્યાસ વધુ ઊંડો છે! હવે જેણે રામાયણને પચાવી હોવાનો દાવો કર્યો છે તે બોલતાં - બોલતાં ભૂલી ગયા કે મિથ્યાભિમાન તો રાજા રાવણનુંય ટક્યું નથી! હમણાં દિલ્લી ગેંગરેપ વિશે 'આશારામજી બાપુ' એ ઘણાં નિવેદનો આપ્યાઅને પોતાની વિદ્વતા પ્રગટ કરી ત્યારે મને અખો યાદ આવ્યો તે કહેતો -

'દેહાભિમાન હું તો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર,
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરૂ થયો ત્યાં મણમાં ગયો.
અખો એમ હલકાંથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું ખોય'

ખરેખર તો જેમ ફળ આવે તેમ વૃક્ષ વધું ને વધુ નમ્ર બને તેમ વિદ્વતા અને જ્ઞાન આવતાં માણસની નમ્રતા વધવી જોઇએ તેના બદલે એક પછી એક મળતી સિધ્ધિ અને પ્રતિધ્ધિ વ્યક્તિને અહંકારી અને બેફામ બનાવે તો તે જ્ઞાન શા ખપનું?

થોડામાં ઘણું, જાણતા હોવાનો દાવો કરનારાં આવા લોકોનો દંભ ઝાઝો સમય રહેતો નથી. કયારેક તો પેલા એકાવન પ્રકારની ઉડ જાણતાં કાગડાભાઇની જેમ આવાં મિથ્યાભિમાની લોકોની પોલ ઉઘડી જ જતી હોય છે. અભિમાની દેખાવું તેના કરતાં અજ્ઞાની દેખાવું વધુ સારૂં અને ડહાપણ ભર્યું છે. છતાં પોતાની મોટાઇમાં તૂટી જનારાં લોકો કેવી હરકતો કરતાં હોય છે. તેનો ઉત્કૃષ્ટ નમૂનો એક ભાઇ છે. સાવ સામાન્ય ઘરમાં ઉછરેલા આ ભાઇ ભણવાના સમયે રખડી ખાધું એટલે ખાંસ કંઇ ડિગ્રી મેળવી શક્યા નહિ એટલે ના છૂટકે 'સરકારી ઓફિસમાં પટાવાળા બન્યા. હવે નોકરી પટાવાળાની અને મિજાજ બાર ખાંડીનો એટલે કોઇ સાહેબને પાણી આપવું ગમે નહિ. તેમણે એક બીજો માણસ રાખ્યો જે સાહેબને ચ્હા-પાણી આપે. અને પોતાના પગારમાંથી આ માણસને પગાર આપે. પોતાના પગારના ભોગે પોતાની કહેવાતી 'શાન' જાળવતાં આ ભાઇ આજીવન પોતાના વધારાના ખર્ચાઓ માટે પોતાના વડીલોના આશ્રિત જ રહ્યાં. આ ભાઇ પાછા ગૌરવપૂર્વક કહેતાં ફરે 'બંદા કોઇનીયે આગળ ઝૂક્યા નહી ઝૂકવાનાં નથી!' પોતાની મોટાઇ બતાવવાનો આ કેવો વ્યર્થ અને હાસ્યાસ્પદ પ્રયાસ છે!

તરણાંથીયે નમ્ર બનવું એ સાચા જ્ઞાનીનું પ્રથમ લક્ષણ છે. કારણ કે આપણે પહેલાં લેખક, કવિ, ક્રિકેટર, વૈજ્ઞાનિક, મહાત્મા કે કોઇ પણ ક્ષેત્રનાં નિષ્ણાંતનું નામ લઇ શકીએ. પણ સૌથી છેલ્લા કોઇ નિષ્ણાતનું નામ લઇ શકીશું? આપણે છાતી ઠોકીને એમ કહી શકીએ કે સચીન જેવો કોઇ ક્રિકેટર પાક્યો નથી? પણ સચીન જેવો કોઇ મહાન ક્રિકેટર પાકશે જ નહિ તેવું કહી શકીશું? અહીં તો કંઇક સિકંદરો આવ્યાં ને ગયાં. સિધ્ધિના અવનવાં ક્ષેત્રો સર થતાં રહેશે. એક થી એક ચડિયાતાં અને એકબીજાનું માથું ભાંગે તેવાં ધૂરંધરો અને મહારથીઓ પેદા થતાં રહેવાનં. પેલાં ભૂખ્યાં બાળકોને મેં આજનું ખાવાનું આપ્યું. કાલના ભોજન માટે પણ ભગવાને કોઇક વ્યવસ્થા તો કરી જ હશે! તો આપણી નાની - મોટી આવડત અને સફળતાનો મરડાટ આપણી ગરદનમાં શા માટે આવવો જોઇએ?

પ્રસિધ્ધ સૂફી સંત રાબિયા પાસે એક બીજા સંત આવ્યાં. એ આગંતૂક સંતે એવું વિચાર્યું હતું કે હું મારી આધ્યાત્મિક સિધ્ધિઓ બતાવીને રાબિયાને આશ્ચર્યચકિત કરી નાંખીશ. તેમણે રાબિયાજીને આવતાં જોયા એટલે ભરેલાં સરોવરના પાણી પર સાદડી નાખી તેના પર બેસીગયાં અને પોતાના યોગ બળથી પાણી પર બેઠાં બેઠા તરવા લાગ્યા. રાબિયાજી તે સંતનો ઇરાદો કળી ગયા. તેમણે હવામાં સાદડી ઉછાળીને હવામાં અધ્ધર લટકતી સાદડી પર આસન જમાવીને બેસી ગયાં. પેલા આગંતુક સંત રાબિયાજીની સિધ્ધિ જોઇને શરમાઇ ગયાં. રાબિયાજી તરત નીચે આવ્યાં અને સંતને કહ્યું, "આપણે કોઇ જ નવાઇ નથી કરી તમે પાણી પર તરો છો એમ તો માછલીઓ પણ તરી શકે છે અને મારી જેમ કેટલાંક પક્ષીઓ હવામાં ઊડી શકે છે." સાચું જ તો છે. આ વિશાળ બ્રહ્માંડમાં અનેક આકાશગંગાઓમાંથી એકમાં નવ ગ્રહોમાંનો એક ગ્રહ પૃથ્વી, પર તેના વિશાળ ફલક પર આપણું અસ્તિત્વ સોયની અણીથી એ સૂક્ષ્મ છે. ત્યારે કઇ મોટાઇ નો ભાર આપણે ઉપાડીને ફરીએ છીએ સખી?

**- તારી સ્વાતિ**